# વીસમી સદીનો પ્રથમ શહીદ : ખુદીરામ બોઝ

— હર્ષદ પ્ર. શાહ

ખેદની વાત એ છે કે જે યુવાન ક્રાંતિવીરોએ પોતાની થનગનતી યુવાની દેશની સ્વતંત્રતાના યજ્ઞમાં હોમી દીધી એવા યુવાવીરોને આજની યુવા પેઢી ઓળખતી પણ નથી !

વીસમી સદી પોતાના ગર્ભમાં અનેક ઘટનાઓ ધારણ કરીને આવી હતી. ૧૯૦૨માં સ્વામી વિવેકાનંદજીની સમાધિ, ૧૯૦૫માં લૉર્ડ કર્ઝન દ્વારા બંગાળાના ભાગલા અને તેના પગલે ઉદ્‌ભવેલું બંગભંગ આંદોલન, ૧૯૧૧માં પંચમ જ્યોર્જ દ્વારા ફરી બંગાળનું એકીકરણ, ૧૯૧૪થી ૧૯૧૮ વિશ્વયુદ્ધનો કાળ, ૧૯૧૯માં જલિયાનવાલા બાગનો હત્યાકાંડ, ૧૯૩૧ માં ક્રાંતિ-ત્રિપુટી ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુને ફાંસી, ૧૯૪૦માં મહંમદઅલી ઝીણા દ્વારા અલગ પાકિસ્તાનની માગણી, ૧૯૪૨માં હિન્દ છોડો ચળવળ, ૧૯૪૬માં મુસ્લિમ લીગ દ્વારા Direct Action - સીધાં પગલાં અંતર્ગત દેશભરમાં રમખાણો... અને ખૂબ મોટી કિંમત ચૂકવીને મેળવેલી આઝાદી.. ૧૯૪૭ માં !

ઘટનાઓની હારમાળા... એવી તો અહીં ન આલેખાયેલી કેટલીયે ઘટનાઓ મનમાં સળવળે છે, પણ અહીં એ મુખ્ય વિષય ન હોવાથી વિષયાન્તર ટાળું છું. નામી - અનામી કંઈ કેટલાય ક્રાંતિકારીઓ શહીદ થઈ ગયા, કાળી યાતનાઓ હસતા મુખે સહન કરી. વાત એક જ હતી... માતૃભૂમિની સ્વતંત્રતાની. હજુ તો મૂછનો દોરોય ફૂટ્યો ન હતો એવા વીસમી સદીના પ્રથમ શહીદ ખુદીરામ બોઝની પ્રેરક કથા યુવાનોને... તરુણોને કહીને એમની તરુણાઈને ઢંઢોળવી છે.



જન્મ : ૦૩-૧૨-૧૮૮૯
મૃત્યુ : ૧૧-૦૮-૧૯૦૮

બંગાળના મેદિનીપુર જિલ્લાના કેશપુર તાલુકાના મોહબની ગામમાં એક બ્રાહ્મણ કુટુંબમાં ૩ ડિસેમ્બર, ૧૮૮૯ ના દિવસે ખુદીરામનો જન્મ થયો. માતાનું નામ લક્ષ્મીપ્રિયા દેવી અને પિતાનું નામ ત્રૈલોક્યનાથ બસુ હતું. તેઓ નંદઝોલના તહસીલદાર હતા. તેમને ત્રણ દીકરીઓ હતી - અપરૂપા, સરોજિની અને નનીબાળા. ત્રણ દીકરીઓ પછી ખુદીરામનો જન્મ થયો હતો.

લક્ષ્મીપ્રિયા દેવીને અગાઉ બે બાળકો જન્મીને મરી ગયાં હતાં. બાળક જીવતું રહે એ માટે કોઈ ડોશીમાએ નુસખો બતાવ્યો. એમની સલાહ મુજબ લક્ષ્મીપ્રિયા દેવીએ એ ડોશીમાની વહુ અનુપમા દેવીના ખોળામાં પોતાનું બાળક મૂક્યું... અને પછી ત્રણ મૂઠી ચોખાના લોટની કણક અનુપમાને આપીને લક્ષ્મીપ્રિયાએ એ બાળક વેચાતું લીધું. બંગાળમાં ચોખાના લોટની કણકને ખુદી કહેવામાં આવે છે. ખુદી આપી બાળક મેળવ્યું માટે એનું નામ ખુદીરામ રાખવામાં આવ્યું. આ ખુદીરામ જ આપણો નાયક !

૧૮મી ઑક્ટોબર ૧૮૯૫ના દિવસે, ખુદીરામની છ વર્ષની ઉંમરે માતા લક્ષ્મીપ્રિયા પરલોક સિધાવી ગઈ. ત્રૈલોક્યનાથે બીજાં લગ્ન કર્યાં... પણ, ૧૪ ફેબ્રુઆરી ૧૮૯૬ ના રોજ તેઓ પણ મૃત્યુ પામ્યા.

મોટી બહેન અપરૂપા હાટગઢિયા ગામે પોતાના સાસરે હતી. તેને ખબર પડી કે મોહબનીમાં સાવકી મા નાનકડા ખુદીરામને ખૂબ મારે છે અને ખાવાનું પણ નથી આપતી. નાનકડી બહેન નનીબાળા ઉપર પણ સિતમની ઝડી વરસાવે છે.

અપરૂપા પિયર આવીને બંને ભાઈ-બહેનને પોતાને ઘેર લઈ ગઈ... ખુદીને ભણાવ્યો, વાચન અને વ્યાયામ એના શોખના વિષય હતા. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયની 'આનંદમઠ'થી તે અત્યંત પ્રભાવિત હતો. એનામાં વ્યાયામની રુચિ કેળવનાર વ્યાયામ શિક્ષક રામચંદ્ર સેન હતા. નિયમિત વ્યાયામથી ખુદીરામનું શરીર કસાયેલું બન્યું. અધ્યયન અને વ્યાયામથી એનામાં આત્મવિશ્વાસ પેદા થયો.

પરંતુ, વિચારશીલ બાળક ખુદીરામ પોતાના ભવિષ્ય અને અભ્યાસને બદલે દેશ અને સમાજના વિષયમાં વિચારવા લાગ્યો હતો. એના મનમાં એક પ્રશ્ન ઘોળાતો હતો - ૧૮૫૭ ની ક્રાંતિ નિષ્ફળ કેમ રહી ? આ દેશને ક્રૂર અને અત્યાચારી અંગ્રેજોની પકડમાંથી કેવી રીતે મુક્ત કરી શકાય ?

... અને એક દિવસ ખુદીરામ બહેન અપરૂપાને એક પત્ર મોકલીને ઘર છોડી ચાલી નીકળ્યો. પત્રમાં લખ્યું હતું... મેં સંન્યાસ લેવાનો નિર્ણય કર્યો છે... મને માફ કરી દે !

ખુદીરામ મેદિનીપુરથી પગપાળા જ નીકળી પડ્યો હતો. રસ્તામાં બાંકુરા નામના ગામમાં એક વૃદ્ધ સાથે એની મુલાકાત થઈ. એ વૃદ્ધનું નામ હતું અતુલ ઘોષ. ત્યાં તે એક મહિનો રહ્યો...

ખેતરમાં કામ કર્યું અને ગ્રામીણ જીવનનો અનુભવ કર્યો.

ત્યાર બાદ તેનો સંપર્ક ક્રાંતિકારી સત્યેન્દ્રનાથ સાથે થયો... અને ભીતર પડેલી ક્રાંતિની ચિનગારી જ્યોત બનીને પ્રગટી.

વાઈસરૉય લૉર્ડ કર્ઝને ૧૩ ડિસેમ્બર, ૧૯૦૩ ના દિને બંગભંગનો પ્રસ્તાવ રજૂ કર્યો. એને ૧૫ ઑગસ્ટ, ૧૯૦૪ ના રોજ સરકારે સ્વીકાર્યો અને કાયદાનું રૂપ આપ્યું. આ પ્રક્રિયાથી બંગાળ જ્વાળામુખીની જેમ ફાટ્યું. સભાઓ ભરાવા લાગી. આંદોલનો ઉગ્ર રૂપ ધારણ કરવા લાગ્યાં. ખેડૂતો પણ હળ છોડી આંદોલનમાં જોડાયા.

ખુદીરામ બોઝ અને પ્રફુલ્લ ચાકી ગાઢ મિત્રો હતા અને ક્રાંતિકારી સત્યેન્દ્રબાબુના શિષ્યો હતા. બંનેએ મા દુર્ગાની પ્રતિમા સમક્ષ ઊભા રહી પોતાની જાતને સ્વાતંત્ર્ય યજ્ઞ માટે સમર્પિત કરવાની દૃઢ પ્રતિજ્ઞા લીધી. હવે એમની ક્રાંતિકારી ગતિવિધિઓએ જોર પકડ્યું. હેમચંદ્ર કાનૂનગો પાસેથી તેઓ બંદૂક અને રિવોલ્વર ચલાવતાં શીખ્યા.

એ દિવસોમાં ‘વંદે માતરમ્’ એ ક્રાંતિકારીઓનો મંત્ર હતો પણ અંગ્રેજોને એ મીઠાના કોરડાની જેમ બળતરા ઉપજાવતો હતો. અરવિંદ ઘોષ અને બારીન્દ્ર ઘોષ – બંને ભાઈઓ પણ ક્રાંતિકારીઓને ભૂગર્ભમાં રહી માર્ગદર્શન આપતા. ક્રાંતિદળ દ્વારા ‘વંદે માતરમ્’ નામનું મુખપત્ર પ્રગટ થતું. એમના લેખોનો બંગાળી અનુવાદ ‘યુગાન્તર’ અને ‘સંધ્યા’ નામનાં મુખપત્રોએ છાપ્યો અને આમ અરવિંદ ઘોષની રણહાક ગામડે ગામડે ગાજી ઊઠી.

લૉર્ડ કર્ઝન લાલચોળ બની ગયો. એણે આ ત્રણેય છાપાંના તંત્રીઓ ઉપર રાજદ્રોહનો આરોપ મૂકી કામ ચલાવવા ફરમાન કર્યું. કલકત્તાના મુખ્ય પ્રેસિડેન્સી મૅજિસ્ટ્રેટ મિસ્ટર કિંગ્સફોર્ડની અદાલતમાં આ મુકદ્દમો ચાલ્યો. એમાં બિપિનચંદ્ર પાલે અંગ્રેજોની ન્યાયપ્રણાલીની આકરી ટીકા કરતી જુબાની આપી. એમને જેલ થઈ. લોકો ક્રોધિત થયા. એમણે ‘વંદે માતરમ્’ ના નારા લગાવવાનું શરૂ કર્યું. ઉત્તેજિત ટોળામાં એક કિશોર હતો. એનું નામ સુશીલ સેન. એ ઉછળી ઉછળીને ‘વંદે માતરમ્’નો નારો લગાવતો રહ્યો. ગોરા સાર્જન્ટે દંડો ઊંચક્યો પરંતુ સુશીલ સેને વાંદરાની જેમ કૂદકો માર્યો અને સાર્જન્ટના કાંડે બચકું ભરી દાંત બેસાડી દીધા. સાર્જન્ટે એનું ગળું પકડીને ન્યાયાધીશ કિંગ્સફોર્ડ સામે ઊભો કર્યો. કિંગ્સફોર્ડ ગર્જ્યા, “રાજદ્રોહ ?, જાહેરમાં ? એને પાંચ ફટકા મારો.”

નવ વર્ષના કિશોરને ફટકા મારવાનું શરૂ થયું. દરેક ફટકે એ 'વંદે માતરમ્' બોલતો રહ્યો. પીઠ ચિરાઈ ગઈ. એ લોહીલુહાણ થઈ ગયો ને પાંચમા ફટકે બેભાન થઈ ગયો.

આવી ઘટનાઓના પરિણામે બંગાળના ક્રાંતિકારીઓએ કિંગ્સફોર્ડને મારી નાખવાનો સંકલ્પ કર્યો. કલકત્તાનું ક્રાંતિદળ જ્યારે કિંગ્સફોર્ડના વધની યોજના બનાવી રહ્યું હતું ત્યારે બારીન્દ્રનાથ ઘોષ મેદિનીપુરના ક્રાંતિકારી દળની ગુપ્ત મુલાકાતે આવ્યા. એમણે સત્યેન્દ્રબાબુને કહ્યું, "મારે ત્રણ જુવાનોની જરૂર છે. અગત્યનાં કામો રાહ જોઈ રહ્યાં છે." ...અને સત્યેન્દ્રબાબુએ ખુદીરામ, પ્રફુલ્લ અને કાનૂનગો - એ ત્રણેયને એમને સોંપ્યા. કિંગ્સફોર્ડના વધની યોજના આકાર લેવા લાગી.

૩૦ એપ્રિલ, ૧૯૦૮ નો દિવસ. મુઝફ્ફરપુર સ્થિત કિંગ્સફોર્ડના રહેઠાણમાં સાંજના સમયે કિંગ્સફોર્ડની સાથે મિસ્ટર કેનેડીનાં પરિવારજનો પણ હતાં. મિસ્ટર કેનેડીનાં પત્ની અને એમની પુત્રીને એમના ઘરે પહોંચાડવા માટે કિંગ્સફોર્ડે પોતાની ફેટન (ઘોડાગાડી) મોકલી. એમના બંગલાની બહાર ગીચ ઝાડીમાં ખુદીરામ અને પ્રફુલ્લ ટાંપીને બેઠા હતા.



ઘોડાગાડીને બહાર નીકળતી જોઈ ત્યારે એમણે અનુમાન કર્યું કે એમાં કિંગ્સફોર્ડ હશે અને

તેને મારવા માટે ગોડાગાડી પર બૉમ્બ ફેંક્યો. જોરદાર ધડાકા સાથે બૉમ્બ ફાટ્યો. ઘોડાગાડીના, ઘોડાના અને બંને સ્ત્રીઓ (મા-દીકરી.... મિસિસ કેનેડી અને મિસ કેનેડી)ના ફુરચે ફુરચા ઊડી ગયા. એમનાં શરીરમાંથી લોહીનો ફુવારો ઊડી રહ્યો હતો.

પોલીસ સાવધ થઈ ગઈ. મુઝફ્ફરપુરની સીમાઓ સીલ કરી. ખુદીરામ અને પ્રફુલ્લ ચાકી અંધારી રાતને ચીરતા, છલાંગ ભરતા, હોઠ પર હોઠ ભીંસી દોડી રહ્યા હતા. બંનેના હૈયામાં હર્ષનો પાર ન હતો. તેઓ તો એમ જ માનતા હતા કે ઘોડાગાડીમાં કિંગ્સફોર્ડ હતો અને એ બૉમ્બ ફૂટવાની ઘટનામાં મૃત્યુ પામ્યો હતો.

ભાગતાં ભાગતાં ખુદીરામ બૈની નામના સ્ટેશને પહોંચ્યો. સ્ટેશન બહાર એક હૉટલના છાપરા નીચે કેટલાક લોકો છાપું વાંચીને કંઈક ચર્ચા કરી રહ્યા હતા. એમની ચર્ચાથી ખુદીરામને સમજાયું કે બૉમ્બના હુમલામાં તો બે સ્ત્રીઓ મૃત્યુ પામી. એ સમસમી ગયા. ફરી એક વાર કિંગ્સફોર્ડ બચી ગયો. એમની મહેનત એળે ગઈ. લઘર-વઘર અને ફાટેલાં કપડાંમાં બેઠેલા ખુદીરામની આજુબાજુ બે સાદા વેશધારી ડિટેક્ટીવો ગોઠવાઈ ગયા... અને ખુદીરામ પકડાઈ ગયો.

બીજી બાજુ પ્રફુલ્લ ચાકી પણ પોલીસના સકંજામાં ફસાયો... પણ પોલીસના હાથોમાં પકડાઈ જવા કરતાં એણે પોતાના ગળામાં ગોળી મારી. એ ફસડાઈ પડ્યો અને છેલ્લા શ્વાસ સુધી 'વંદે માતરમ્' બોલતો રહ્યો. એની આવી વીરોદાત્ત શહીદીનો દિવસ હતો ૧ લી મે, ૧૯૦૮. એની સાથે વિશ્વાસઘાત કરીને ફસાવનાર પોલીસ નંદલાલબાબુને કલકત્તાની સરપેન્ટાઇન શેરીમાં ૪ મે, ૧૯૦૮ ના દિવસે બંગાળના ક્રાંતિકારીઓએ 'મૃત્યુ' નું ઈનામ આપ્યું !

બીજી મે, ૧૯૦૮ના રોજ મુઝફ્ફરપુરની કૉર્ટમાં જિલ્લા મેજિસ્ટ્રેટ વૂડમેન સામે ખુદીરામનો કેસ રજૂ થયો. કોર્ટે પૂછ્યું, ''મિસ્ટર ખુદીરામ બોઝ, તમારા ઉપર બે નિર્દોષ વ્યક્તિનાં ખૂનનો આરોપ છે. તમે આ આરોપ સ્વીકારો છો?''

ખુદીરામ : ''ચોક્કસ સ્વીકારું છું. મારે તો કિંગ્સફોર્ડની હત્યા કરવી હતી. બે નિર્દોષ મા-દીકરી મારા બૉમ્બથી મૃત્યુ પામ્યા એ એક અકસ્માત હતો. પણ, એ બૉમ્બ મેં જ ફેંક્યો હતો એ કબૂલ કરું છું.'' કોર્ટે કહ્યું, ''જો તમે સંપૂર્ણ માહિતી આપશો તો કોર્ટ તમને હળવી સજા કરશે.''

ખુદીરામ હસી પડ્યો અને બોલ્યો, ''રહેમ! દયા !... અને તમે ? રહેવા દો. મારે દયાની

જરૂર નથી. હું મૃત્યુંજય બની ચૂક્યો છું. તમે મને ફાંસીની સજા કરવાના છો એ હું જાણું છું... પરંતુ, યાદ રાખજો, મેં રોપેલા વિચારબીજને તમે નથી હણી શકવાના.''

બીજે દિવસે મેજિસ્ટ્રેટે ૬૫ પાનાંનો લાંબો ચુકાદો આપ્યો.

''ફાંસી.''

સરકારી વકીલે કહ્યું, ''આરોપી ખુદીરામ બોઝ ઊંઘી ગયો છે. એનાં નસકોરાંનો અવાજ સંભળાય છે.'' મૅજિસ્ટ્રેટ આશ્ચર્યચકિત બની ગયા. બોલ્યા, ''એને જગાડો, એણે ચુકાદો સાંભળવો જોઈએ.'' પોલીસે ખુદીરામને જગાડ્યો. બગાસું ખાઈ બેફિકરા ખુદીરામે મૅજિસ્ટ્રેટ તરફ જોયું : ''આટલું લાંબું શા માટે વાંચો છો ? 'ફાંસી' એટલું બોલી દો એટલે હું અને તમે છૂટા !''

મૅજિસ્ટ્રેટ દંગ બની ગયા. ચોપન વર્ષની જિંદગીમાં આવા નીડર યુવાનને એ પહેલી વાર જોઈ રહ્યા હતા. એમણે ખુદીરામને પૂછ્યું, ''તમારે કંઈ કહેવું છે ?'' તેણે કહ્યું, ''હું રાજપૂત વીરાંગનાઓની જેમ દેશ માટે મરી ફીટવા માગું છું. ફાંસીએ ચડવાનું મને સહેજ પણ દુઃખ નથી. ખેદ માત્ર એટલો જ છે કે કિંગ્સફોર્ડના અપરાધનો દંડ હું એને ન દઈ શક્યો.''

ફાંસીની કોટડીમાં તેનું વજન બે પાઉન્ડ વધ્યું. ફાંસીની આગલી રાત્રે જેલનો ચોકીદાર મળવા આવ્યો... ''ખુદીરામ, તમારા માટે આ એક કેરી લાવ્યો છું.''

''લાવો, લાવો... હું ખાઈશ.''

થોડીવાર પછી ચોકીદાર પાછો આવ્યો ત્યારે ખુદીરામ ગીતાના શ્લોકોનું પઠન કરી રહ્યો હતો. ચોકીદારને જોઈને એ બોલ્યો, ''આવો, કાકા તમારી પ્રસાદી હું આરોગી ગયો છું.''

ખુદીરામે કેરી ચોકીદારના હાથમાં મૂકી.

''તમે તો આને ખાધી જ નથી !''

''ખાઈ ગયો છું.''

ચોકીદાર ખુદીરામની કરામત જોઈ હસ્યો. ખુદીરામે કેરી ચૂસી લીધી હતી અને ગોટલો પાછો સંભાળપૂર્વક છાલમાં ગોઠવી દીધો હતો તથા ફૂંક મારી કેરીને હતી એવી કરી દીધી હતી. છેલ્લી ક્ષણોમાં પણ એની આવી નિર્ભયતા અને મજાકવૃત્તિ જોઈને ચોકીદારની આંખો ભીની થઈ.

...અને ૧૧ ઑગસ્ટ, ૧૯૦૮નો સવારનો સમય - પોતાના હાથમાં ગીતા લઈ, માતૃભૂમિની રજ મોમાં મૂકી 'વંદે માતરમ્' ના પ્રચંડ નારા સાથે ખુદીરામ ફાંસીના માચડે લટકી ગયો... ૨૦મી સદીનો પ્રથમ શહીદ !